श्री कृष्णाय नमः

શ્રીગોપીજન વલ્લભાય નમ:

શ્રીઆચાર્યચરણપંકજોભ્ય નમ:

“ જય શ્રી કૃષ્ણ “

પુષ્ટિમાર્ગ એતન્માર્ગીય પ્રખર વૈષ્ણવ કૃષ્ણદાસ મેઘન

કૃષ્ણદાસ મેઘન નો જન્મ સં: ૧૫૨૩ એક ક્ષત્રિય કુટુંબમાં થયેલો. તેઓનાં પિતાશ્રી રામભક્ત હતા, કુટુંબનો વારસો પુત્રમાં આવે એટલે કૃષ્ણદાસ પણ શ્રીરામજીને સ્વીકારી રામભક્ત થયા હતા. કુટુંબ એક એવી સંસ્કાર અને વિદ્યાની પાઠશાળા છે જ્યાં જીવ બાળપણથી જ યોગ્ય જીવનનાં ઘડતર પાઠ ભણે છે. માતાપિતા જીવનનાં મૂળ પ્રાથમિક શિક્ષક છે. તેઓ જન્મથી બાળકનાં માતપિતા નહીં પરંતુ સંસ્કાર અને વિદ્યાથી તેઓ માતપિતાનું સર્વોત્તમ સ્થાન પામે છે.

આજનો સમય માતપિતા પામવા કે પુત્ર પુત્રી સમજવા ક્ષણ ક્ષણ કઠીન થતી જાય છે. પિતા રામભકત હતા એટલે બાળક રામભક્ત થાય તે મુખ્ય નથી, મુખ્યતા છે સંસ્કાર, શિક્ષા અને યોગ્ય માર્ગ દિશાની. કૃષ્ણદાસ યોગ્ય માર્ગદિશા પર કદમ ચાલવાથી તેઓને દસ વર્ષમાં જ વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેઓ તેમનાં નિકટનાં ગંગાતટ સોરમજીમાં ગંગા દર્શન અને સ્નાન અર્થે પહોંચ્યા. ત્યાં તેઓ પ્રસિદ્ધ મહાત્મા શ્રીકેશવાનંદજીનાં શિષ્ય બન્યા. ત્યાં તેઓએ ધર્મ, તપસ્યા અને ગુરુ આજ્ઞાનાં પાઠ શીખ્યા. જ્યારે તેઓએ ભગવદઅવતાર ચરિત્ર સાંભળ્યુ તુરંત તેઓને શ્રીપ્રભુનાં દર્શનની અનુકંપા જાગી.

આ અનુકંપા જાગવી એટલે સ્વ યોગ્યતા જાગવી, સ્વ યોગ્યતા માટે મારે શું કરવું? સન્યાસી થવું, ગૃહજીવન ત્યાગ કરવું, તપસ્વી થવું, સાધુ થવું, એકાંત કેળવવું, સંપ્રદાય ધર્મનિષ્ઠ બનવું, સમાજ સેવક થવું, સમાજ ઉદ્ધારક થવું, આધ્યાત્મિક આચરણ કરવું, ઉપદેશક બનવું, તત્વજ્ઞાની બનવું, ભક્ત થવું, વિગરે વિગરે ભૌતિક ઉચ્ચ કક્ષિત થવું નહીં પણ આનંદમય બનવાનું છે. આનંદમય એટલે સર્વત્ર આનંદ આનંદ અને આનંદ. કેમ કે આપણું મૂળ આનંદ છે.

આજે આપણે આટલાં શિક્ષિત છીએ જે યોગ્યતાને અચૂક સમજીએ છીએ તો પણ આપણે વર્ષો, દાયકાઓ, સદીઓ અને યુગોનાં દર્શનોથી શિથિલતામાં, અંધશ્રદ્ધામાં, અંધકારમાં, અજ્ઞાનતામાં જ ખૂપેલા, ડૂબેલા રહીએ તો આપણે કોણ?

કેટલાં ધર્મ, કેટલાં સંપ્રદાય, કેટલાં આચાર્યો, કેટલાં આશ્રમો, કેટલાં સંસ્થાપકો, કેટલાં સાહિત્ય, કેટલાં અવતારો, કેટલાં માધ્યમો – યુગો યુગોથી એક જ રટણ – આનંદ, આનંદ અને આનંદ.

શ્રેષ્ઠ શિક્ષકો એ છે જે તમને ક્યાં જોવું તે બતાવે છે, પણ શું જોવું તે કહેતા નથી. શ્રીવલ્લભાચાર્ય દિશા અને દશા ઉપર સદા માર્ગદર્શન આપે છે – આ જુઓ, આ સમજો, આ કેળવો અને આ અપનાવો. અવશ્ય આપણે શ્રેષ્ઠતાની અનુભૂતિ કરીશું.

કૃષ્ણદાસ મેઘન એક એવું ચરિત્ર છે – વારંવાર આપણને દિશા અને દશા દર્શાવે છે.

સદા સિધ્ધાંત સ્વીકાર્યા, સ્વમાં યોગ્ય સંસ્કાર સિંચ્યા અને જીવનને પુષ્ટિ પુરુષાર્થમાં ઢાળ્યું. આ આનંદ આપણે માનસિક, શારીરિક, આધ્યાત્મિક પુરુષાર્થ કરી, સ્વને યોગ્ય કરી મેળવીએ અને સર્વત્ર છવડાવીએ.

આપણે પણ જીવ છીએ, અંશ છીએ – પરમાત્માનો – આનંદનો – સત્યનો - પ્રેમનો.

સમય સારણી તે સમયની અને આજનાં સમયની કરીયે

આજનું બાળક	૪૦ વર્ષ પહેલાનું બાળક
૧. શિક્ષિત છે	અશિક્ષિત હોય શકે છે
૨. અર્થોપાર્જન જ મૂલ હેતુ છે	ધર્મ, સંસ્કાર જ મૂલ હેતુ છે
૩. જીવવાની પદ્ધતિ સર્વે માન્ય સગવડો સાથે	જીવવાની પદ્ધતિ સામાન્ય
૪. સ્વ નિર્ણાયક જુદા જુદા સંકલ્પો અને ધ્યેય	વડીલો નિર્ણાયક ઓછા સંકલ્પો થોડા ધ્યેય
૫. ત્વરિત નિર્ણય ભૂમિકા	ધૈર્ય નિર્ણય ભૂમિકા
૬. અલગતાવાદી	સંયુક્તતાવાદી
૭. એકલતા	સંયુક્તતા
૮. રમત – અસમંજસમાં જ જીવવું - જીવડાવવું	વિશ્વાસનીયથી જ જીવવું – જીવડાવવું
૯. નાસમજતા – અણસમજતા	સમજતા જ
૧૦. સામાન્ય માફીનું સ્તર	ઉચ્ચ માફીનું સ્તર
૧૧. સામાન્ય દ્રષ્ટિ	દિર્ઘ દ્રષ્ટિ
૧૨. અમર્યાદિત બોલવું	મર્યાદામાં બોલવું
૧૩. જેમ તેમ વર્તવું	સમય કે સંજોગ આધીન વર્તવું
૧૪. સંજોગ આધારિત કિમત	પુરુષાર્થની કિમત
૧૫. ન કોઈ સ્પષ્ટ ભૂમિકા	સ્પષ્ટ ભૂમિકા
૧૬. અલગ અલગ પરિભાષા	એક જ પરિભાષા
૧૭. જ્ઞાન, ભાવ અને ધર્મની અજ્ઞાનતા	જ્ઞાન, ભાવ અને ધર્મની યોગ્યતા
૧૮. પૈસો મારો પરમેશ્વર હું પૈસા નો દાસ	સંસ્કાર આગળ સર્વત્ર ગૌણ

અનેક પ્રકારે સારણી છે, મૂલ કહેવાનો ઉદેશ્ય – માતપિતા, કુટુંબ, સંસ્કાર, ધર્મ, દર્શન અને જીવન. આ તમામ પ્લેટફોર્મ સુખ, વૈભવ, ઐશ્વર્ય અને આનંદ માટે છે. જે અનેકો અનેક પૂર્વજ, ભૂતકાળ, વર્તમાન સમયનાં સર્વે યુગ ઇતિહાસ સમજ્યા, છેલ્લે – આનંદ, આનંદ અને આનંદ.

તો આનંદ પામવા જગતની સર્વે સંસ્કૃતિ, દર્શન, ચરિત્રોથી એટલું તો નક્કી કરી શકાય છે

૧. વિનય કેળવવો
૨. વિવેક જાળવવો
૩. નિખાલસ વર્તણૂક
૪. વિશ્વાસ રાખવો જ
૫. શિસ્તમાં રહેવું
૬. વચનબદ્ધ કરવું
૭. સરળ બનાવવું
૮. સત્ય આચરવું

જગતમાં અસંખ્ય જીવો, દરેક જીવોની અલગ અલગ પરંપરા, સ્વભાવ, ધારણા, વ્યવહાર, ક્રિયા, દિશા અને યોગ્યતા. પણ આખરે – તો .... આનંદ.

આ જીવ, જીવન, કાયા, મન, આત્માને આપણે વિશુદ્ધ, પવિત્ર અને આનંદમય કેમ ના કરી શકીએ?

સર્વે જીવોનો ઈશ્વર, ભગવાન, પ્રભુ, GOD, ખુદા, પરબ્રહ્મ – જે જે સર્વોત્તમ નામ છે તે વિશુદ્ધ, પવિત્ર અને આનંદમય છે તો આપણે પણ તે હોઈ શકીએ જ છે. જન્મો જન્મની માયાજાળ વારંવાર સાંભળીને આપણું ચૈતન્ય નિષ્ઠુર બની ગયું છે? કર્મ નો સિદ્ધાંત – માનવ જાણે તો તે ક્ષણથી પરિવર્તન કેમ નહીં?

ચક્કર – ચક્કર – ચક્કર – ડામાડોળ – ડામાડોળ – ડામાડોળ! નહીં નહીં અને નહીં.

કેટલાં કેટલું સમજાવે! – આપણાંથી આરંભ તો સર્વત્ર આરંભ.

“ श्रियो हि परमा काष्टा सेवकास्तादशा यदि “ – જે સર્વોત્તમ આચાર્યશ્રી છે – જે યોગ્ય માર્ગદર્શક છે

“ सर्वेषामितरसाधनासाध्यभगवत्प्राप्तिसंपादन “ – આનંદ અચૂક પામીએ, પામીએ અને પામીએ જ.

કૃષ્ણદાસ મેઘનને જે અનુકંપા જાગી તે સમયે તેમની ઉંમર ૧૨ વર્ષની હતી, આટલી નાની વયે મહાત્મા શ્રીકેશવાનંદજીએ આજ્ઞા ના આપી. ૧૦ વર્ષ સુધી તેઓ સેવામાં રહ્યાં, પણ તેમની જિજ્ઞાશા શ્રીકેશવાનંદજી દરરોજ મુખ પર જોતા. તેમની યોગ્યતા અને યોગ્ય સમયાનુસાર તેમણે બદરિકાશ્રમ જવાની આજ્ઞા આપી. કૃષ્ણદાસ આનંદ ઉમંગથી યાત્રાનાં દરેક સ્થળે શરણાગત થતા આગળ ધપતા હતા. સં. ૧૫૪૭માં પ્રયાગરાજ મકરસંક્રાત મેળામાં સ્નાનાર્થે – દર્શનાર્થે અને સંત સ્પર્શાર્થે પહોંચ્યા. અતિ ઉમંગથી સર્વે ક્રિયાઓનો આનંદ લૂટી સંઘ આશ્રય સ્થાને પહોંચતા સાંભળ્યુ કે દક્ષિણમાં રાજા

શ્રીકૃષ્ણદેવની ધર્મસભામાં શ્રીવલ્લભ નામક એક પ્રખર તેજસ્વી અને પૂર્ણ આધ્યાત્મિક પ્રજ્ઞાનીએ અનેક પંડિતોનાં સંશયો, સંદેહો અને પીપાશુંઓને ઉત્તમ જ્ઞાનધર્મ અને વિજ્ઞાનનાં અનેક રહસ્યો દર્શાવી દિગ્વિજય પ્રાપ્ત કર્યો છે, ધર્મસભાએ વિજયતિલક કરી આચાર્યશ્રીની પદવીથી નવાજયા છે. આપશ્રીએ માયાવાદનાં અને સ્માર્ત તથા વૈષ્ણવોનાં અનેક મતભ્રમોનું ખંડન કરી વૈષ્ણવ મતનું સ્થાપન કર્યું છે.



કૃષ્ણદાસને આ સમાચારે આંતરિક પ્રેરણા કરી – કૃષ્ણદાસ! આજ દિન સુધી જે તે સેવા, સત્સંગ, યાત્રા કરી તે તને દિશા ચિંધે છે – તારો માર્ગ એ દિશામાં છે જ્યાં આ આચાર્ય છે, એટલે તું સત્વરે પહોંચ અને શરણાગત થા, કારણકે તારા જન્મોજન્મની તપશ્ચર્યા સિદ્ધ થશે. તારા આ જન્મની યથાર્તા પૂર્ણ થશે.

સમાન્યત: જિજ્ઞાશા વિચાર કરીએ કે

૧. જીવ દૈવી જીવ કેવીરીતે? તેને ખબર કેવીરીતે પડે કે તેને શ્રીવલ્લભાચાર્યજીને શરણે જ જવાનું છે?

૨. શ્રીવલ્લભાચાર્યજીને ભૂતલ પર પધારેલા દૈવી જીવોની ઓળખ કેવીરીતે થાય?

પુષ્ટિમાર્ગનું આ અલૌકિક અને અનોખુ પ્રજ્ઞાન જે પરબ્રહ્મ શ્રીકૃષ્ણ, પરમ ધાત્રી – શ્રીયમુનાજી – પરમ સ્થિતિપ્રજ્ઞ – ઘૈર્યવર્ય – ભક્તાભિલાષી અને અખંડ ભૂમંડલાચાર્ય શ્રીવલ્લભ જ પ્રકટ કરે છે.

દાયકાઓથી, વૈજ્ઞાનિકો માનતા હતા કે એકવાર મગજના કોષો ખોવાઈ જાય પછી, તે કાયમ માટે અદૃશ્ય થઈ જાય છે. પરંતુ નવા સંશોધનોએ તે માન્યતાને તોડી નાખી છે. ન્યુરોસાયન્ટિસ્ટ્સની એક ટીમે શોધી કાઢ્યું છે કે પુખ્ત મગજ ખોવાયેલા ન્યુરોન્સને ફરીથી ઉત્પન્ન કરી શકે છે - અને તેનું કારણ દવાઓ કે શસ્ત્રક્રિયા નથી, તે એક અવાજ છે.



ચોક્કસ ધ્વનિ ફ્રીક્વન્સીઝનો ઉપયોગ કરીને, સંશોધકોએ પુખ્ત મગજમાં નિષ્ક્રિય ન્યુરલ સ્ટેમ સેલ્સને સક્રિય કર્યા, તેમને સંપૂર્ણપણે કાર્યરત ન્યુરોન્સમાં પુનર્જીવિત થવા માટે પ્રોત્સાહિત કર્યા. આ અવાજો સંગીત કે ઘોંઘાટ નથી, પરંતુ કાળજીપૂર્વક રચાયેલ ઉપચારાત્મક તરંગો છે જે સેલ્યુલર સ્તરે મગજની પેશીઓને ઉત્તેજિત કરે છે.

પ્રયોગશાળા પરીક્ષણોમાં, આ ફ્રીક્વન્સીઝના સંપર્કમાં આવેલા પુખ્ત વયના લોકોમાં યાદશક્તિ, જ્ઞાનાત્મક કાર્ય અને ન્યુરલ કનેક્ટિવિટીમાં સુધારો જોવા મળ્યો. મગજના સ્કેનથી એવા વિસ્તારોમાં નવા ચેતાકોષોની વૃદ્ધિની પુષ્ટિ થઈ જે એક સમયે કાયમી રીતે ક્ષતિગ્રસ્ત માનવામાં આવતા હતા. સારવાર બિન-આક્રમક, દવા-મુક્ત અને અતિ સચોટ હતી.

આ શોધ અલ્ઝાઈમર, પાર્કિન્સન, આઘાતજનક મગજની ઈજા અને ઉંમર-સંબંધિત જ્ઞાનાત્મક ઘટાડા જેવી સ્થિતિઓની સારવાર માટે દરવાજા ખોલી શકે છે. મગજના નુકસાનને ધીમું કરવાનો પ્રયાસ કરવાને બદલે, વૈજ્ઞાનિકો હવે તેને ઉલટાવી દેવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે - અવાજને ચાવી તરીકે રાખીને.

સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે આ પ્રક્રિયા કેટલી કુદરતી છે. મગજમાં પહેલાથી જ સમારકામ માટેના સાધનો છે. અવાજ ફક્ત તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે યાદ અપાવે છે.

પરંપરાગત ઉપચારોથી વિપરીત, ધ્વનિ તરંગો રસાયણો અથવા પ્રત્યારોપણ પર આધાર રાખતા નથી. તે ખોપરીમાંથી ધીમેધીમે પસાર થાય છે અને મગજની પોતાની ઉપચાર પ્રણાલીઓને જાગૃત કરે છે.

આ સફળતા યાદશક્તિ ગુમાવવા અને ન્યુરોલોજીકલ નુકસાન સામે ઝઝૂમી રહેલા લાખો લોકો માટે નવી આશાનો સંચાર કરે છે. ઉપચાર માટે હવે આક્રમક સાધનોની જરૂર નહીં પડે - ફક્ત યોગ્ય આવર્તન પર યોગ્ય કંપન.

પુખ્તાવસ્થામાં એક સમયે કઠોર માનવામાં આવતું મગજ હવે ગતિશીલ, અનુકૂલનશીલ અને અપ્રાપ્ય ક્ષમતાઓથી ભરેલું સાબિત થઈ રહ્યું છે.

કૃષ્ણદાસ મેઘનને કઇંક અને કઇંક થયા જ કરતું હતું કે મારે કોઈ એવા તત્વને શરણે જવાનું છે જે કેવળ મારો જ છે. તેમના એક એક સેલ્સ વારંવાર કોઈને શોધીજ રહ્યું હતું.

એટલે જીવ ને ઉત્કંઠા એટલી જ શ્રીપ્રભુને ઉત્કંઠા અને બંને એકબીજા માટે પુરુષાર્થ કરે જ.

પ્રકાશનો કિરણ ટૂંક સમયમાં કીમોથેરાપીને કાયમ માટે બદલી શકે છે. અર્થાત **સૂર્ય એક એવું મૂળભૂત તત્વ છે જે સદાય પરિવર્તનશીલ, સકારાત્મક જ પરિણામ અને ઉત્તમ પુરુષાર્થ કરે જ છે. જે અવશ્ય સર્વે દોષોનો નાશ કરે છે. અને તનુનવત્વ બીજ રોપે છે અને મનુષ્ય તત્વને પુરુષોત્તમ કરે છે. શ્રીવલ્લભાચાર્યજીની અત્યંત પુરુષાર્થતા જીવ જગતને યોગ્ય માર્ગદર્શન આપે છે.**





કૃષ્ણદાસ મેઘનની રોમે રોમમાં કેવળ એક જ ધ્વનિ ગૂંજ્યો, એવા પુષ્ટિ સ્પંદન સ્ફૂર્યા કે તે તે જ ક્ષણે પ્રયાગરાજથી દક્ષિણ તરફ નીકળી પડયા. આ ધ્વનિ અને સ્પંદન સ્પ્રષ્ટતા કરે છે કે બ્રહ્માંડમાં જીવ આધારિત તરંગો વહેતા જ હોય છે જે યોગ્ય કક્ષાનાં જીવોને આકર્ષે છે, પ્રેરિત કરે છે, જાગૃત કરે છે.

અથાગ સ્મરણ, ચિંતન અને મનન કરતાં કૃષ્ણદાસ મેઘન એક એક ડગ ભરતા ભરતા ધપવા લાગ્યા, કેવળ એક જ દ્રષ્ટિ, એક જ કૃતિ, એક જ વૃત્તિ, એક જ પ્રકૃતિ - ધર્મસભાએ વિજયતિલક કરી આચાર્યશ્રીની પદવીથી નવાજયા તે આચાર્યને શરણે જવું. જેઓએ વૈષ્ણવ મતની સ્થાપના કરી છે તેઓશ્રી ને ચરણે શરણાગત થવું જ છે.

અતૂટ સંકલ્પ અને દ્રઢ વિશ્વાસે કૃષ્ણદાસ જેવા શ્રીવલ્લભાચાર્યજીની દિશા તરફ વધતાં બંનેનાં આધ્યાત્મિક તરંગો કૃષ્ણદાસને શ્રીવલ્લભની દિશા સૂચિત કરતાં હતા, જ્યારે ખૂબ નિકટ આવતા કૃષ્ણદાસનો વિરહ અતિ તીવ્ર થયો અને તે અતિ વેગે દોડવા લાગ્યા, જેવા શ્રીવલ્લભને નિરખ્યા, હે આચાર્ય! હે આચાર્ય! હે આચાર્ય! અને આપશ્રીનાં ચરણોમાં ઢળી પડયા. દંડવત પ્રણામ કર્યા - હે આચાર્ય! મેં આયા! કૃપા કર મુઝે શરણ લો. બહોત સંસાર ભટક્યો, અબ આપકી શરણ આયા. શ્રીવલ્લભાચાર્યજીએ કહ્યું – હે કૃષ્ણદાસ! તેરો તો ગુરૂ હૈ, ફીર કાહે શરણ આયા? હે આચાર્ય! આપ સબ જાનીત હો, આપ કી શરણમેં મોકો લીયો! શ્રીવલ્લભાચાર્યજીએ કૃષ્ણદાસની દૈન્યતા સ્વીકારી તેમને નામ સુનાવ્યું – બ્રહ્મસંબંધ કરાવ્યો. ચરણ પુષ્ટિ સ્પર્શ થયો.



એક એક ચરિત્ર સ્વરૂપ,

બ્રહ્મસંબંધનું સ્વરૂપ એટ્લે ભગવદ્દત્ત પુષ્ટિભક્તિની સાધન પ્રણાલી,

સેવાનું રહસ્ય

સૈદ્ધાંતિક વિજ્ઞાન પ્રમાણ.

શ્રીવલ્લભાચાર્યજીની સાથે સાથે કૃષ્ણદાસ ડગ ભરવા માંડયા અને સર્વે આજ્ઞા પાલન અને શ્રીગુરુ સેવામાં મગ્ન થઈ ગયા. કદમ કદમ પર મન એકાગ્ર – ગુરુ સેવા. આમને આમ યાત્રા – પ્રથમ પરિક્રમા કરતાં આપશ્રીએ શ્રીવેદ વ્યાસજીને મળવા બદરિકાશ્રમની વાંટ પકડી. અનેક પર્વતમાળાઓ અને નદીઓનો આનંદ માણતા પરલી અને કિરણી પર્વત શૃંખલા પર માર્ગ કાઢતાં કાઢતાં ધપતા હતા, ત્યાં અચાનક એક પત્થર શીલા નીચે પડી જે શ્રીવલ્લભાચાર્યજીનાં તરફ આવતા જ કૃષ્ણદાસે દોડતા તેને પોતાનો હાથ ધરી અટકાવી અને શ્રીવલ્લભને બચાવ્યા.

શ્રીવલ્લભાચાર્યજી પ્રખર ભૂત, વર્તમાન અને ભવિષ્યનાં વિદ્યમાન, આ શીલા ગબડી અને કૃષ્ણદાસે હાથ ધરી અટકાવી. આધ્યાત્મિકતા અને વિજ્ઞાન શું કહે છે?

આધ્યાત્મિકતા – અગમ ચેતે, તુરંત રક્ષણ આપે, આત્મીય બળ

વિજ્ઞાન – પ્રકૃતિનો નિયમ પરિવર્તન, પરિવર્તનમાં શીલાનું ગબડવું

શ્રીવલ્લભાચાર્યજી બદરિકાશ્રમનાં માર્ગે કદમ ભરતા ભરતા ધપતા હતા – એકાગ્રથી, તનમયતાથી, સમાધિથી. એક એક ડગની અંદર પુષ્ટિ પુરુષાર્થ, જીવને સ્વ જાગૃતતા સિદ્ધાંત પ્રમાણ આપવી, સિંચવી, દર્શાવવી.

પ્રકૃતિ પરિવર્તનનાં નિયમોને આપશ્રી પ્રજ્ઞાનતાથી જાણતા, સમજતા અને ઓળખતા. આ પ્રકૃતિનાં નિયમોનું સામર્થ્ય તેઓ તે જીવને અચૂક સિંચતા જે જીવે બ્રહ્મસંબંધ અને નામકરણ કરેલું હોય.

જેથી તેમાં અગમ ચેતી, રક્ષણ અને આત્મીય બળ પ્રમેય સિદ્ધાંતથી પ્રાર્દુભાવ વિકસિત હોય જ.

આ જ તો આધ્યાત્મિકતા અને વિજ્ઞાનનો સમન્વય છે. આધ્યાત્મનાં જેમ જેમ સત્ય ઓળખતા જઈએ તેમ તેમ વિજ્ઞાનનાં સિદ્ધાંતને પણ ઓળખતા જઈએ અને એક પ્રમાણ નિર્ણાયિત કરીએ આ સિદ્ધાંત છે. જગતનાં સર્વે દાર્શનિક, વૈજ્ઞાનિક, તત્વજ્ઞાની, આત્મસંયમી, તપસ્વી જેઓએ આધ્યાત્મિક અને વિજ્ઞાનનાં સમન્વયથી જ સ્વ જાગૃતતા કેળવીને પુરુષોત્તમતા પામ્યા છે.

શ્રીવલ્લભાચાર્યજીનાં તેજ બળથી શીલા ગબડી અને કૃષ્ણદાસનાં ભક્તિબળથી શીલા રોકી. સંરક્ષણનું આધ્યાત્મ માર્ગ દર્શન કરાવે શ્રીઆચાર્ય અને ભક્તનું પુરુષાર્થ બળ સંરક્ષણે. કોઈપણ પરિસ્તિથી, સંયોગ આવે અચૂક સંરક્ષિતા છે જ.

અતિ સૂક્ષ્મતાથી વિચારીએ આપણો જીવ – આપણે બ્રહ્મસંબંધ કર્યો અને આપણું જીવન, જો નિષ્ઠાપૂર્વક, સિદ્ધાંત મુજબ અને સત્યવિશ્વાસથી ક્રિયા કરીએ તો બ્રહ્મ અનુભૂતિ થવી જ જોઈએ.

ના થાય તો આપણે અંધશ્રદ્ધામાં, લોકવાયકામાં, માન્યતામાં જીવન જીવીએ છીએ.

અનેક યથાર્તા છે એટલે ચૌરાશી વૈષ્ણવ ચરિત્ર સમજીએ છીએ, આ અસાધારણતા છે, એટલે તેઓને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ.

સામાન્યતાથી નિહાળીશું, વાંચીશું, સાંભળીશું, મનન, ચિંતન કરીશું અને સ્વ જીવનમાં જાગૃતતા કેળવીશું તો આ વૈષ્ણવ ચરિત્રો સાર્થકતા સિંચશે.

પ્રકૃતિ પરિવર્તન વિજ્ઞાન છે, ક્ષણે ક્ષણે પરિવર્તન કરે છે, લાવે છે. તેનો મૂળ ઉદેશ્ય વિજ્ઞાન જ છે.

ત્રણ અગ્રણી અમેરિકન યુનિવર્સિટીઓના સંશોધકોએ એક ક્રાંતિકારી કેન્સર સારવાર જાહેર કરી જે શુદ્ધ વિજ્ઞાન સાહિત્ય જેવી લાગે છે, પરંતુ તે વાસ્તવિક છે. તેઓએ દવાઓ, રેડિયેશન અથવા કીમોથેરાપી વિના માત્ર પ્રકાશનો (પુષ્ટિ પ્રમેય બળ) ઉપયોગ કરીને કેન્સર કોષોનો નાશ કરવાનો માર્ગ શોધી કાઢ્યો. તેનાથી પણ વધુ આશ્ચર્યજનક? પ્રયોગશાળા પરીક્ષણોમાં ૧૧% સફળતા દર સાથે કામ કરે છે.

ફોટો-ઇમ્યુનોથેરાપી તરીકે ઓળખાતી આ તકનીક, કેન્સર કોષોને લક્ષ્ય બનાવતા માઇક્રોસ્કોપિક અણુઓને સક્રિય કરવા માટે નજીકના ઇન્ફ્રારેડ પ્રકાશના ચોક્કસ પલ્સનો ઉપયોગ કરે છે. એકવાર પ્રકાશ અથડાયા પછી, પરમાણુઓ કેન્સર કોષોને અંદરથી ખુલવા માટેનું કારણ બને છે, જ્યારે સ્વસ્થ કોષોને સંપૂર્ણપણે નુકસાન પહોંચાડ્યા વિના છોડી દે છે. આ પ્રક્રિયા એટલી સ્વચ્છ અને લક્ષિત છે કે દર્દીઓ એક દિવસ મિનિટોમાં સારવાર મેળવી શકે છે, પરંપરાગત ઉપચાર સાથે ઉબકા, વાળ ખરવા અથવા થાક વિના. **કૃષ્ણદાસને શારીરિક, માનસિક કોઈ મુસીબત, તકલીફ વગર તેઓ અભયતાથી અડગ ઊભા રહે છે. શ્રીવલ્લભાચાર્યજીએ કૃષ્ણદાસનાં દૂષિત માનસિક અને આંતરિક કોષોને અતિ સરળતાથી નષ્ટ કર્યા અને તેમાં પુષ્ટિ સંસ્કાર બળ એવું સિંચ્યું કે તેઓને કદી બાહ્ય કે આંતરિક પરિબળોથી નુકશાન જ ના થાય. અદભુત અને અનોખી પુષ્ટિ પદ્ધતિ. શ્રીવલ્લભનું શરણ અને પુષ્ટિમાર્ગ સિદ્ધાંતોનું આચરણ સદા નિરોગી રાખે છે, અને જીવન તંદુરસ્ત અને મધુર જ બને છે.**

કીમોથેરાપીથી વિપરીત, જે આખા શરીરને ઝેરી દવાઓથી ભરે છે, અથવા રેડિયેશન, જે આસપાસના પેશીઓને નુકસાન પહોંચાડે છે, આ નવી પદ્ધતિ સંપૂર્ણપણે કેન્સર પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. તે પ્રકાશના સ્નાઈપર શોટ જેવું છે - શાંત, ચોક્કસ અને વિનાશક રીતે અસરકારક. આ સારવાર શરીરની પોતાની રોગપ્રતિકારક શક્તિને પણ ઉત્તેજિત કરે છે જેથી તે બાકીના કોઈપણ કેન્સર કોષોને ઓળખી શકે અને તેમના પર હુમલો કરી શકે, જે સંભવિત રીતે પુનરાવૃત્તિ સામે કાયમી રક્ષણ પૂરું પાડે છે.

આ દ્રષ્ટાંત શ્રીવલ્લભાચાર્યજીનાં આધ્યાત્મિક બળ આધારિત છે – શીલા ગબડે છે, તેની ગતિ હશે, ગુરુત્વાકર્ષણ બળ હશે, કદ આધારિત વજન હશે – ત્યાં કૃષ્ણદાસજીની કાયા, કાયા બળ, આંતરિક શક્તિ બળ અને ભક્તિ બળ. જો બંનેનું પૃથક્કરણ જ દર્શાવે છે કે શીલા ના રોકી શકાય, તો પણ રોકાય છે, અર્થાત કોઈ એવું બળ છે જે આ સિદ્ધ કરે છે – પુષ્ટિ પ્રમેય બળ.

કૃષ્ણદાસની આ પરમ નિષ્ઠા ભક્તિ નિહાળી શ્રીવલ્લભાચાર્યજી અતિ આનંદિત પામ્યા અને કહ્યું – કૃષ્ણદાસ! તમારી ભક્તિ પારાયણથી હું અતિ ખુશ છું. ધન્ય છે આપની સેવા પરાકાષ્ઠાને.

કૃષ્ણદાસની માનસિકતા આ સેવા બદલ તેમને આચાર્યશ્રી પાસે વરદાન માંગવાની વાત કરી. માનવ મન વિચલિય, અપેક્ષિત, હેતુકીય, તર્ક – વિતર્ક અને તૃષ્ણાથી ઘડિત છે. બાળપણમાં જે કુટુંબમાં ઉછેર થયો હોય તેનાં સર્વે ગુણો, વૃત્તિ, કૃતિ, સંસ્કૃતિ અને તૃપ્તિ તેને વળગેલી હોય જ. તે સદા અનિશ્ચિત, અનિર્ણિત, અસમંજસ, અધૂરપ અને અજ્ઞાનતા સાથે ધપતી ધપતી દ્રઢ અને એકજ્ઞાની બની જાય છે, જે સદા સ્વ સ્વીકૃતિ જ હોય છે અને સત્ય જ લાગતી હોય છે.

પુષ્ટિમાર્ગ સિદ્ધાંત આધારિત વરદાન આપવું, ભેંટ આપવી કે ન્યોછાવર આપવી અયોગ્ય અને વિરુદ્ધ છે.

કૃષ્ણદાસની આ માંગણીથી શ્રીવલ્લભાચાર્યજીએ વિચાર કર્યો – માનવ સૃષ્ટિતો આવા અનેકો પ્રકારોની વૃત્તિ, કૃતિ, પ્રકૃતિ અને તૃપ્તિ વગર કોઈ પૂર્તિ જ નહીં કરે, આ સંયોગ, સમય અને માનસિક પરિસ્તિથી આધારિત સૈદ્ધાંતિક શૈલી નક્કી કરવી પડે. જે સિદ્ધ સિદ્ધાંત તરીકે અને આજ્ઞા પ્રકાર સહિત અનુસરવું જ.

કૃષ્ણદાસને સર્વોત્તમ શિક્ષા પ્રદાન કરવા એક વ્યૂહ રચના ગોઠવી. તેઓને વરદાન માંગવાનુ કહ્યું, એટલે તરત જ ખુશી ખુશી તેઓએ ત્રણ વરદાન માંગ્યા –

૧. પુષ્ટિમાર્ગનાં સિદ્ધાંતો હ્રદયારુઢ થાય
૨. મુખરતા દોષ જાય
૩. જે મારા ગુરૂ છે તેમની ત્યાં પધારો અને તેમનો અંગીકાર કરો

શ્રીવલ્લભાચાર્યજીનું ગૂઢ ચિંતન અને સૈદ્ધાંતિક વિનયી, વિવેકી જીવ સૃષ્ટિ અનુભૂતિ ધારા મુજબ આપશ્રીએ પુષ્ટિમાર્ગ બંધારણ દર્શન ગોઠવ્યું અને નિર્ણય લીધો કે આ પુષ્ટિમાર્ગ સૈદ્ધાંતિક બંધારણથી જ જીવને નામકરણ બ્રહ્મસંબંધ કરાવવો જેથી જીવ યોગ્ય શિક્ષિત બની, વિવેકી બની, વિજ્ઞાની બની જીવ, જગત અને સ્વયત્તાને ઓળખે જેથી જીવન મધુરમય – આનંદમય કરી શકે.

૧. કૃષ્ણદાસને પુષ્ટિમાર્ગનાં સિદ્ધાંતો હ્રદયારુઢ થવા સાથે સાથે રહેવાની આજ્ઞા આપી અને નિરપેક્ષ જ્ઞાનભાવની શિક્ષા પ્રદાન કરી.
૨. મુખરતા દોષ જાય – માટે કડક સૂચના અને માર્ગદર્શન આપ્યું કે આજ્ઞા પ્રમાણે જ બોલવું, સદા મૌન પાળવું.
૩. જે ગુરુશ્રી થી આપે જીવન આરંભ કર્યું છે તે ગુરુશ્રીની આજ્ઞા લઈ તેમનું ગુરૂઋણ સમાપ્ત કરાવો અને અમારું શરણ પામવા પ્રતિજ્ઞા કરો.

શ્રીવલ્લભાચાર્યજીની કરુણાથી કૃષ્ણદાસ ગદ ગદ થઈ ગયા, દંડવત પ્રણામ કરી પ્રથમ મુખરતા દોષ માટે વચન આપ્યું અને આજ્ઞા માગી આરંભિક ગુરુશ્રીનાં ઋણ સમાપ્ત કરવા તેમને મળવાની.

શ્રીવલ્લભાચાર્યજીએ તરત આજ્ઞા આપી અને વચન પાળવાની તકેદારી રાખવાની. કૃષ્ણદાસ તે જ ક્ષણે ચાલી નિકળયા ગુરુશ્રી કેશવાનંદજી દ્વાર. ગુરુશ્રી કેશવાનંદજીને દ્વાર પહોંચતા દંડવત પ્રણામ કરી વિનંતી કરી પુષ્ટિમાર્ગ દાસત્વની, ગુરુશ્રી કેશવાનંદજી અતિ પ્રસન્ન થયા અને કહ્યું – કૃષ્ણદાસ તમે ભાગ્યશાળી છો, શ્રીવલ્લભાચાર્યજી આપનો સ્વીકાર કરે છે, અને તમે જે મારા માટે તેમને વિનંતી કરેલી તેનાથી હું અતિ પ્રભાવિત છું. શ્રીવલ્લભાચાર્યજીનું શરણ કેવળ દૈવી જીવ જ પામે છે. તમારી નિષ્ઠા અને યોગ્યતા હું જાણું છું, તમે સર્વોત્તમ આચાર્યશ્રીનાં શરણમાં જાઓ છો, આપનું કલ્યાણ થાઓ.

કૃષ્ણદાસ અતિ પ્રસન્ન મને ગુરુશ્રીનું ઋણ ચૂકવી સીધા શ્રીવલ્લભાચાર્યજીનાં સાનિધ્યમાં અતિ આનંદ અને ઉત્સાહથી પહોંચ્યા, દંડવત પ્રણામ કરી સર્વે વૃતાંત આપી વિનંતી કરી – હે આચાર્યશ્રી! મારો સ્વીકાર કરો.

શ્રીવલ્લભાચાર્યજીએ તેમને પ્રતિજ્ઞા લેવડાવી અને પોતાની આજ્ઞામાં રહેવું કહી આપશ્રી સાથે દામોદરદાસજી જેમ રહેવાની આજ્ઞા આપી. કૃષ્ણદાસ પુષ્ટિમાર્ગ સિદ્ધાંતો શિક્ષિત કરતાં ગયા અને શ્રીવલ્લભાચાર્યજીનાં સાનિધ્યથી સ્વને પુષ્ટિ ઉત્કૃષ્ટ કરતાં ગયા.

સમય સમય વહેતો વહેતો શ્રીવલ્લભાચાર્યજીએ પોતાની પ્રથમ પરિક્રમા પૂર્ણ કરી દ્વિતીય પરિક્રમાનો આરંભ શ્રીબદ્રીનારાયણ ધામથી શ્રીવેદવ્યાસજીને મળીને નિશ્ચિંત કર્યો. જેવા બદરિકાશ્રમ પહોંચવામાં આવ્યા, કૃષ્ણદાસને ઉભા રહેવું કહ્યું અને પોતે શ્રીવ્યાસજીની ગુફામાં પ્રવેશ લીધો.

જે જિજ્ઞાશા અને યોગ્ય સમજનાં વિચારોની આપલે કરી અનેક સમાધાનો સમજી શ્રીવલ્લભ ત્રણ દિવસે પાછા ફર્યા. કૃષ્ણદાસને બાહર એ જ પરિસ્તિથીમાં જોઈ શ્રીવલ્લભાચાર્ય અતિ પ્રસન્નતા સાથે વિશ્વાસ પામ્યા કે કૃષ્ણદાસમાં પુષ્ટિ સિદ્ધાંતનું સિંચન તીવ્રતાથી અંતરંગ થઈ ગયું છે. આચાર્યશ્રીએ પૂછ્યું – કૃષ્ણદાસ તુ ટાડો હૈ? તુ ગયો નહીં?

કૃષ્ણદાસે દંડવત કરી કહ્યું – હે આચાર્ય! જો મહારાજ હો કહાં જાઉં, મૌકો આપકે ચરણાવિંદ બિના કછુ આશ્રય નહીં હૈ. આ સાંભળી શ્રીવલ્લભ અતિ પ્રસન્ન થયા અને નિશ્ચિંત થયું કે કૃષ્ણદાસ દૈવી જીવ છે.

ગંભીર અને વિશ્વાસથી ચિંતન કરવાનું છે કે – " પુષ્ટિમાર્ગની ટેક " પુષ્ટિમાર્ગનો અનોખો સિદ્ધાંત – અડગ, અભય, અચલ, વચન, પ્રતિજ્ઞા – શ્રીવલ્લભાચાર્યજી આજ્ઞાંકિત થઈ નિભાવવી.

બ્રહ્મસંબંધ – બ્રહ્મ સાથે સંબંધ

પરમાત્મા સાથે પ્રેમ

ભગવાનની નવધા ભક્તિ

શ્રીકૃષ્ણ લીલાનું ગાન

શ્રીકૃષ્ણ ચરિત્રથી પરિવારજનોની સાથે કેમ જીવવું?

પ્રભુની પ્રિયતાનો સંબંધ

અહંતા-મમતા જન્ય કલેશ નિવારણ

શ્રીઠાકોરજીની લીલાનો ભેદ

સમર્પણ પ્રક્રિયા

વાણી અને વ્યવહારમાં એકાર્થતા

સ્વદાસાનાં સ્દોદ્વદતિ: તસ્માત્ સર્વપ્રયત્નેન દૈવે: કર્તવ્યમેવ હિ

આ દ્રષ્ટાંતો ને સામાન્યતા ન સમજતા સૈદ્ધાંતિક ચરિત્રથી જીવનમાં જ્ઞાન, વિવેક, વિનય અને જીવન જીવવાનો મધુર વિશ્વાસ જાગે અને સ્વ જીવનને ચરિતાર્થ કરીએ એ જ દ્રષ્ટિકોણ છે. ન જાત પાત, તવંગર ગરીબ, ઊંચ નીચ, નાનું મોટું, અભણ સ્નાતક, જ્ઞાની અજ્ઞાની, વિગરેનો કોઈ તફાવત નથી કેવળ સાક્ષરતા જીવન જીવતા જીવતા – સત્યતા, વિનયતા, આત્મીયતા, સુશીલતા, નિખાલસતા, પ્રમાણિક્તા, શુદ્ધતા, પવિત્રતા, નમ્રતા, દીનતા, કૃતજ્ઞતા, નિરપેક્ષતા હોય તો અવશ્ય જીવન આનંદમય, મધુર જીવાય જ છે.

આપણે જે ભૂલી ગયા છે, ખોઈ દીધું છે, ગુમાવ્યું છે, તરછોડયું છે, તોડ્યું છે, બગાડયું છે, છોડયું છે જીવનની ગુણવત્તા, વિશ્વાસનિયતા, આદરણીયતા, પૂજયતા, વિદ્વતા, યોગ્યતા, કરુણતા, પુષ્ટતા.

નોંધ: સત્સંગ અને અનુભૂતિ આધારિત જ્ઞાન-ભાવ

ટિપ્પણી – આ પુષ્ટિમાર્ગ – ૮૪ વૈષ્ણવ સિદ્ધાંત – પ્રસ્તાવના – પુષ્ટિમાર્ગ એતન્માર્ગીય પ્રખર

દ્વિતીય વૈષ્ણવ - કૃષ્ણદાસ મેઘન, સચરિત્ર તૈયાર કરી રહ્યા છે.

" Vibrant Pushti "
૫૩, સુભાષપાર્ક, સંગમ ચાર રસ્તા
હરણી રોડ, શહેર – વડોદરા - ૩૯૦૦૦૬ – ગુજરાત – ભારત
Email – vibrantpushti@gmail.com - મોબાઇલ – ૯૩૨૭૨૯૭૫૦૭